ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૪ ટકા

ગાંધીનગર તાપમાન

૨૧ વર્ષ થી કાર્યરત સ્માર્ટ કીડ્સ નર્સરી સ્કુલ, સેક્ટર - ૧ દ્વારા ગાંધીનગરના જન્મદિવસ દિવસે ધામધૂમ થી ઉજવણી કરવામાં આવી. કે. જી. સ્કુલ ના બાળકો દ્વારા ગાંધીનગર ના પ્રખ્યાત સ્થળો ના ફોટોગ્રાફ્સ નું કોલાજ બનાવવામાં આવ્યું અને યાદગાર સ્થળો ની માહિતી આદાન પ્રદાન કરવામાં આવી. અવનવા ગીતો અને સ્લોગન દ્વારા ' મારું શહેર ગાંધીનગર , સ્વચ્છ અને રણીયામણ ગાંધીનગર' ની ભાવના જાગૃત કરવામાં આવી. નર્સરી સ્કુલ ના બાળકો ને ' નેચર વોક ' કરાવવામાં આવી. ' ગ્રીન સિટી ગાંધીનગર ' ના થીમ પર અવનવી પ્રવૃત્તિઓ કરાવાઈ. ઉત્સવ ની જેમ સ્કુલ ના બન્ને મકાન રંગબેરંગી ફુગ્ગાઓ થી સજવવામાં આવ્યા. બાળકો આનંદ કિલ્લોલ કરી, ફુગ્ગા લઈ રાજીના રેડ થઈ ગયા.

એસ.વી. સ્કૂલમાં રિબન ફ્લાવર એક્ટિવિટી યોજાઈ

ગાંધીનગર, તા.૨

સર્વવિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.વી. અંગ્રેજી પ્રાયમરી શાળા માં ધોરણ ૫ થી ૮ માં રિબન ફ્લાવર મેકિંગએક્ટિવિટી યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ શિક્ષકોનાં માર્ગદર્શન હેઠળ વિવિધ રંગોના રિબનથી ફ્લાવર બનાવતાં શીખ્યા હતાં. વિદ્યાર્થીઓએ સમૂહમાં વિવિધ રંગોની રિબન ની મદદથી અલગ અલગ ફૂલો, ફ્લાવર બૂકે બનાવ્યાં હતાં. જેનાથી વિદ્યાર્થીઓની આર્ટ અને ક્રાફ્ટ વિષય પ્રત્યે જિજ્ઞાસાવૃતિ વધી હતી. આ પ્રવૃતિમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

એસજી પ્રાથમિક શાળામાં વિવિધ પ્રવૃતિઓનું આયોજન

ગાંધીનગર, તા.૨

સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળા મા વિદ્યાર્થીઓમા રહેલી કલા ને ઉજાગર કરવાના હેતુ થી શૈક્ષણિક અભ્યાસ દરમિયાન વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃતિઓ નુ આયોજન કરવામા આવે છે.જે અંતર્ગત ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સુશોભનના વિવિધ પ્રકારના ફૂલો બનાવવાની પ્રવૃતિનુ આયોજન કરવામા આવ્યુ હતુ.જેમા વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક જોડાઈ વિવિધ પ્રકાર ના ફૂલો ના સુંદર નમૂના બનાવ્યા હતા.

સોશિયલ એકટીવીટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શાળા ગણવેશ આપવામાં આવ્યો

ગાંધીનગર, તા.૨

સોશ્યિલ એકટીવીટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર જિલ્લાની નંદનવન અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા સેકટર ૧૩ માં ૧૫૦ વિદ્યાર્થીઓને શાળા ગણવેશ આપવામાં આવ્યો હતો. શાળા પરિવાર ના શિક્ષક ગણ અને સોશ્યિલ એકટીવીટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શાળા ગણવેશ ના દાતાઓનો હૃદય પૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

યોગી ડિવાઈન સોસાયટી,હરિધામ સોખડા દ્વારા સંચાલિત ગાંધીનગરની સાપ્તાહિક સભા બલરામ મંદિર પરિસર સેકટર -૧૨ મા દર સોમવારે થાય છે. પુરુષોત્તમ માસના શુભ, મંગલકારી અને પવિત્ર દિવસોમાં હિંડોળા, અન્નકૂટ તથા કીર્તન આરાધનાનું આયોજન તા.૩૧-૦૭-૨૦૨૩ ના રોજ કરવામા આવ્યું હતું. જેમાં સૌ ભક્તોએ ખૂબ આત્મીયતાથી ભગવાન સ્વામિનારાયણ. ગુણાતીત પુરુષો, ગુરુ હરિ સ્વામિજી, પ્રગટ ગુરુ હરિ પ્રેમસ્વરૂપ સ્વામીજીને રાજી કરવા હા હા ગડથલરુપી ભક્તિ અદા કરી ધન્યતા અનુભવી.

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, પેથાપુર યુવા પાંખ દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૩ ને મંગળવારના રોજ પેથાપુર ખાતે શ્રી અચલેશ્વર મહાદેવ (શિવધામ) ખાતે રાધેજા ગુજરાત વિધાપીઠ દ્વારા ડૉ. ડોલીબેન બાઈસ, નર્સ. ચેતનાબેન જોષી આયુર્વેદિક સ્વાસ્થ્ય શિબિરનું સંચાલન કરવામાં આવેલ જેમાં પેથાપુર વાસીઓએ લાભ લીધો હતો, જેમાં પેથાપુરનુ ગૌરવ ગણાતા પરેશભાઈ ગઝ્ઝર પણ ઉપસ્થિત રહી અભિનંદન પાઠવ્યા હતા.

બીબીએ કૉલેજ દ્વારા ગાંધીનગરના જન્મદિવસની સ્લમ એરિયાના બાળકો સાથે ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશનના દ્વજીજી વોલીયંટર્સ ગાંધીનગરના સ્લમ એરિયાની મુલાકાત લઈ ત્યાં બાળકો સાથે ગાંધીનગર શહેરની ઉજવણી કરી હતી. વોલીયંટર્સ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ રમત રમાડવામાં આવી હતી તેમજ સાથે અલ્પાહારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. રાજયના પાટનગરની સ્થાપના દિવસની ઉજવણીમાં છેવાડાના માનવીનું સહભાગીપણુ એ સમાજના સૌહાર્દપૂર્ણ વાતાવરણ અને સામાજિક સમાનતાનું પ્રેરકબળ કહી શકાય ત્યારે વોલીયંટર્સની ઉપરોક્ત પ્રવૃતિ એ બિરદાવવા લાયક કહી શકાય. આગામી દિવસોમાં આ વિસ્તારના બાળકો માટે અન્ય કાર્યક્રમોનું આયોજન પણ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કરવાનો નિર્ધાર કર્યો હતો.

સમગ્ર આયોજનમાં ચૌહાણ ચંદ્રપાલ, ગૌતમ જાલોનધારા, કૌશલ સુથાર, અંકિત રોહિત, દિક્ષિત પટેલ, ભાગ્યદીપસિંહ ગોહિલ, ધ્રુવ દરજી, કડીવાર સકિબ, અમીષા સોની, કિંજલ વાઘેલા, નીમીશા મકવાણા, ગુડીયા કુમારી દ્વારા ઉપરોક્ત પ્રવૃતિ કરવામાં આવી હતી. તેમજ નાના ભૂલકાંઓએ સમગ્ર કાર્યક્રમ બાબતે ખુશી વ્યક્ત કરી હતી અને ભવિષ્યમાં આવી પ્રવૃતિઓમાં ભાગ લેવા તૈયારી બતાવી હતી. સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડો.જયેશ તન્ના, પ્રોગ્રામ ઓફિસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

ક્ષમા પ્રાર્થના અંતર્ગત લીધેલ પ્રતિજ્ઞા..,

ગાંધીનગર, તા.૨

તારીખ ૨-૮-૨૦૨૩ ના રોજ ક્ષમા પ્રાર્થના અંતર્ગત શાળાની વિદ્યાર્થીની બહેનોને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી જેમાં ઈશ્વરને એવી પ્રાર્થના કરવામાં આવે છે કે હે પ્રભુ અમને એવું વરદાન આપો કે, કોઈ ભલે અમારું ખરાબ કરે, પણ અમે ક્યારેય એનું ખરાબ ના કરીએ, તેમજ અમારા દિલમાંથી એના માટેની જે નફરત છે. તે દૂર થાય અને પ્રેમથી હળી મળીને રહીએ, પ્રભુ તમે બધાના જ હૃદયમાં વસો છો. એટલા માટે દરેકને પ્યાર અને આદર આપી શકો મને કોઈનું ખરાબ કરવાનું મન ના થાય હું બધાને માફ કરું હું બધાનને પ્રેમ કરુ.

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા 'ઓરેંજ ડે'ની ઉજવણી

ગાંધીનગર, તા.૦૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજા માં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં તા:- ૦૨-૦૮-૨૦૨૩ બુધવારના રોજ ' ઓરેંજ ડે ' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને ઓરેંજ રંગ ની અલગ અલગ વસ્તુઓની જાણકારી આપવામાં આવી હતી.

" દરેક સમાજના કુટુંબ માટે પ્રેરણા દાયક પગલું "

ગાંધીનગર, તા.૨

લીહોડા દિગંબર જૈન સમાજ ના એકજ કુટુંબ ના મામા ફોઈના ૬૫ જેટલા સભ્યો માં કૌટુંબિક ભાવના જળવાઈ રહે અને નવી જનરેશન માં ધાર્મિક, સામાજિક જ્ઞાન વધે તે હેતુથી દર બે માસે ગેટ ટુ ગેધર રાખવા માં આવે છે. આ વખતે તે પૈકી તેજપાલભાઈ શાહ તરફથી આગલોડ જૈન તીર્થ મુકામે આઠમો ગેટ ટુ ગેધર નો કાર્યક્રમ તા.૨૯-૩૦જુલાઈ એ યોજાઈ ગયો જેમાં કુટુંબના સર્વે સભ્યો હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમ શરુ કરવા ના પ્રણેતા ભાણાભાઈ ડો. મનીષ ગાંધી ને ધન્યવાદ અપાયા હતા.

સરકારી પોલીટેકનિક ગાંધીનગર ખાતે વયનિવૃતિ સમારંભ યોજાયો

સરકારી પોલીટેકનીક ગાંધીનગર ખાતે લેબ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી એ. એન. સોલંકી ૨૯ વર્ષ ની સેવાઓ આપ્યા બાદ આજરોજ તા. ૩૧/૦૭/૨૦૨૩ નાં રોજ વય નિવૃતિ થયેલ. આ પ્રસંગે સંસ્થા તરફથી ફેરવેલ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય રઘાણી ઈલેક્ટ્રીક ખાતાના વડા એ.ડી.પટેલ તથા કોમ્પ્યુટર વિભાગના વડા એમ.જે.દેસાઈ સંસ્થાના તમામ અધ્યાપકશ્રીઓ/કર્મચારીશ્રીઓ તેમજ આમંત્રિત મહેમાનો હાજર રહેલ. શ્રીફળ, સાકર, શાલ તેમજ મોમેન્ટ આપી ભાવભરી વિદાય આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મિકેનિકલના અધ્યાપક શ્રી પ્રજાપતિએ સંભાળેલ.

કડવા પાટીદાર સમાજની વિકાસ પ્રવૃતિઓ

ગાંધીનગર, તા.૨

કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સે-૧૨, ગાંધીનગર દ્વારા અધિક પૂનમના દિવસે સત્યનારાયણ ભગવાનની કથા કરવામાં આવી હતી. ત્યારબાદ કારોબારી બેઠક યોજાયેલ જેમાં સમાજના પૂવ પ્રમુખશ્રી ગણેશભાઈ એસ.પટેલે સમાજમાં કરેલ પારદર્શી સેવાકીય કામગીરીને ધ્યાને રાખી સેવા સન્માનપત્રથી સન્માન કરવામાં આવ્યુ હતું. સમાજના ભવનમાં વધુ એક માળનું બાંધકામ શરૂ કરેલ જેમાં બંધાનાર રૂમ દાતા માટે રૂા.પાંચ લાખ અને લકઝુરીયસ રૂમના દાતા તરીકે રૂા.સાત લાખનો નિર્ણય કરેલ છે. ઉપરાંત સમાજના વિવિધ કમિટિઓના ચેરમેનની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જેબી પ્રાથમિક શાળામાં ગાંધીનગરની વર્ષગાંઠ નિમિત્તે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળામાં ગાંધીનગરના ૫૯માં જન્મદિન નિમિત્તે તા.૨/૮/૨૦૨૩ને બુધવારના રોજ ધો.૬થી ૮ના વિદ્યાર્થીઓની નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૬માં વૃક્ષો આપણા મિત્રો વિષયની સ્પર્ધામાં ૨૭૬ બાળકોએ ભાગ લીધો હતો. ધો.૭માં મારા સ્વપ્નનું ગુજરાત- જેમાં ૩૧૯ બાળકો અને ધો.૮માં મારા સ્વપ્નનું ભારત વિષય નિબંધમાં ૩૫૯ બાળકો દ્વારા ભાગ લેવાયો હતો. પોતાના ઉમદા દેખાવ કર્યો હતો. જેમાં દરેક ધોરણમાં પ્રથમ ત્રણ નંબર અપાયા હતા અને શાળાના આચાર્યા નિવાબેન પટેલે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

જન્મદિને વધામણી

મિલિન્દ અમીન
મો. ૯૮૨૫૬ ૯૩૩૩૨

સ્મિત પટેલ
મો. ૯૮૨૪૦ ૮૨૪૧૬

શીતલબેન રમેશભાઈ પરમાર

જયનીલ જયેશકુમાર જોષી

બુદ્ધ ઉજ્જવલ પી
મો. ૯૪૨૭૯ ૭૨૨૭૦

કુણાલ સુરેશભાઈ ત્રિવેદી
મો. ૯૭૨૩૬ ૭૫૨૯૨

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ડાભી જગતસિંહ વિક્રમસિંહ ઉ.વ.૨૯, પેથાપુર
- સ્વ.ઠાકોર રણજીતજી સરદારજી ઉ.વ.૬૦, રૂપાલ
- સ્વ.રાય અનુજકુમાર ઉ.વ.૬૩, રાંદેસણ
- સ્વ.પરમાર ગણપતભાઈ નરસિંહભાઈ ઉ.વ.૭૧, ગાંધીનગર
- સ્વ.મિશ્રા અક્ષિતા રૂપેન્દ્ર ઉ.વ.૦૩, ગાંધીનગર